# માનનીય ધારાસભ્યશ્રી સંજયસિંહ મહીડાનું ઉદ્દબોધન

ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર વર્ષોથી સજાગ હોઇ, વન અને વન્યજીવનનું સંરક્ષણ તથા સંવર્ધનની સાથે વન વિસ્તાર બહારનાં વિસ્તારમાં પણ વૃક્ષાવરણ વધારવા માટે રાજ્યનો વન વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે.

વન, વન્યજીવ અને પર્યાવરણનાં સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સ્વ-સહાય જુથો, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ અને લોક સહકારથી વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓનાં સંરક્ષણની કામગીરી પર ભાર મુકેલ છે. વનીકરણની પ્રવૃતિઓથી વન વિસ્તાર નજીક વસવાટ કરતાં, વનવાસીઓને રોજગારીનો લાભ મળે છે. સઘન અને લોક ભાગીદારીના પ્રયત્નોથી વનીકરણ કાર્યક્રમને સફળતા મળેલ છે. ગુજરાતની ઉદ્યમી પ્રજાનાં સહકારને કારણે વન વિસ્તાર બહારનાં વિસ્તારમાં વૃક્ષાવરણનો અને વન્યજીવોની સંખ્યામાં સતત વધારો થયો છે. ગુજરાત વન વિભાગ દ્વારા કરાયેલ વૃક્ષ ગણતરી પ્રમાણે સને ૨૦૦૩ માં વન વિસ્તાર બહાર કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષોનો અંદાજ કાઢવામાં આવેલ જે વધીને હવે ૨૦૨૧ ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલ છે. એટલે ૨૦૦૩ ની સરખામણીમાં ૫૮.૩૬% વૃક્ષો ની સંખ્યાનો વધારો નોંધાયેલ છે. વન વિસ્તાર બહાર વૃક્ષોની ઘનતા ૨૦૦૩ માં ૧૪.૧૦ વૃક્ષ પ્રતિ હેકટર હતી જે વધીને વર્ષ ૨૦૨૧ માં ૨૫.૭૪ વૃક્ષ પ્રતિ હેકટર થયેલ છે.

વર્ષે ૨૦૨૩ ના વર્ષમાં ૭૪ મા વનમહોત્સવમાં ૧૦.૦૮ કરોડ રોપાનું વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યમાં જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ૨૨ પવિત્ર ઉપવન તૈયાર થયેલ છે તેમજ ૮૩ વન કુટીર તૈયાર થયેલ છે.

સામાજીક વનીકરણ યોજનાના મુળ હેતુને સાકાર કરવા "હરીત વસુંધરા યોજના" માં વન કવચ મોડલ હેઠળ ૧૦૦.૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા વન સંવર્ધન સાથે આજીવિકા વિકાસને ધ્યાને લઈ યોજનાઓ બનાવેલ છે. જેમાં વૃક્ષ ખેતી યોજના, એગ્રો ફોરેસ્ટ્રી યોજના હરીયાળુ ગામ યોજના, ગ્રામ વાટીકાથી વન વિસ્તાર બહાર વૃક્ષ ઉછેર કરી વનાવરણમાં વધારાની સાથે લોકોની આવકમાં પણ વધારો થયો છે.

ગુજરાત રાજ્યમાં વનોની સાથે સાથે વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે પગલાંઓ લેવામાં આવ્યા છે. પાવગઢની આસપાસ આવેલ નર્મદા કેનાલ, દેવડેમ અને નદી-નાળાઓ છલકાઈ જાય છે. ત્યારે, મગર અને અન્ય જળચર જીવો આજુ-બાજુના રહેણાંક વિસ્તારોમાં આવી પહોંચે છે. પરિણામે, મગર દ્વારા માનવ હુમલાની ઘટનાઓ બને છે. મગરોનું રેસ્ક્યુ કરવા, ગોધરા વન વિભાગની હાલોલ રેન્જમાં ધોબીકુવા ખાતે અનામત જંગલના આશરે ૦.૭૫ હેકટર વિસ્તારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે "ક્રોકોડાલ રેસ્કયુ સેન્ટર" ની સ્થાપના કરવામાં આવેલ છે. આમ, રાજ્ય સરકાર વન્યજીવો તેમજ તેની ઇકો-સિસ્ટમના વિષયમાં સતત સંવેદનશીલ રહે છે. આમ, પ્રગતિશીલ ગુજરાતમાં વિકાસની સાથે પર્યાવરણ જાળવણી પર ભાર મુકવામાં આવે છે. તે દીશામાં સતત કાર્યરત રહેશે.

જય જય ગરવી ગુજરાત...